**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

=================================================================

# ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ ખાતે
# ક્રિમિનલ અપીલ નં. ૨૪૫૫/૨૦૦૮

મંજૂરી અને સહી માટે**:**

માનનીય ન્યાયમૂર્તી શ્રી એ.જી.ઉરૈઝી

=================================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાચારપત્રોના પત્રકારોને ચુકાદો જોવાની પરવાનગી આપી શકાય? | હા |
| ૨ | રિપોર્ટરને રીફર કરવો કે નહીં? | હા |
| ૩ | શું નામદાર ન્યાયમૂર્તિશ્રીઓ ચુકાદાની અંતિમ નકલ જોવા ઈચ્છે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતના સંવિધાન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ હુકમના અર્થઘટન અંગે કાયદાનો કોઈ નોંધપાત્ર પ્રશ્ન સમાવિષ્ટ છે? | ના |

=================================================================

મનહરલાલ સી. પટેલ.... અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

ગોપાલભાઈ મેઘજીભાઈ મહેશ્વરી અને ૫.... સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ)

=================================================================

ઉપસ્થિતિ**:**

અપીલકર્તા(ઓ) નં.૧ તરફે વકીલ શ્રી નલિન કે. ઠક્કર

સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ) નં.૧-૫ તરફે વકીલ શ્રી ડી.કે.મોદી

સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ) નં.૧-૫ તરફે વકીલ શ્રી એમ.ડી.મોદી

સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ) નં.૬ તરફે એ.પી.પી. સુશ્રી હંસા પુનાણી
================================================================
કોરમ: **માનનીય ન્યાયમૂર્તી શ્રી એ.જી.ઉરૈઝી**

**તારીખ: ૧૯/૦૧/૨૦૧૭**

**મૌખિક ચુકાદો**

૧. ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ (જેને સંક્ષિપ્તમાં "સદર કોડ" કહેવામાં આવે છે) ની કલમ ૩૭૮ હેઠળની હાલની અપીલ વિદ્વાન એડિશનલ સિનિયર સિવિલ જજ અને વિદ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ), કચ્છ સ્થિત ભુજ દ્વારા ૧૯૯૯ ના ક્રિમિનલ કેસ નં. ૩૩૮ માં પસાર કરવામાં આવેલ તારીખ ૩૦.૧૨.૨૦૦૬ ના નિર્દોષ છોડી મૂકવાના ચુકાદા અને હુકમ સામે નિર્દેશિત છે, જેના દ્વારા અને જે હેઠળ સામાવાળા નં. ૧ થી ૫ ને ધ પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટરેશન એક્ટ, ૧૯૫૮ (જેને સંક્ષિપ્તમાં "પીએફએ એક્ટ" કહેવામાં આવે છે) ની કલમ ૭(૨)(૯)(કે) અને ધ પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટરેશન રૂલ્સ, ૧૯૫૫ (જેને સંક્ષિપ્તમાં "પીએફએઆર" કહેવામાં આવે છે) ના નિયમ ૩૨(સી) હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા છે.

૨. સામાવાળા નં. ૧ થી ૫ મૂળ આક્ષેપિત વ્યક્તિઓ સામે ફરિયાદપક્ષનો કેસ એવો છે કે તારીખ ૦૫.૦૩.૧૯૯૮ ના રોજ ૧૬.૦૦ કલાકે, અપીલકર્તાએ સામાવાળા નં. ૧ ની દુકાનની મુલાકાત લીધી હતી જે જથ્થાબંધ ધોરણે બાલાજી વેફર્સ ચેવડા (બાલાજી) કન્ફેક્શનરી સીંગદાણાનો વેપાર કરે છે. અપીલકર્તા, જેઓ ફૂડ ઇન્સ્પેક્ટર છે, તેમણે ૧૦૦ ગ્રામ વજન ધરાવતા ચેવડા (બાલાજી) ના

૧૦ પેકેટો ધરાવતી ત્રણ સીલબંધ પોલિથિન બેગ ખરીદી હતી, જેને પૃથક્કરણ માટે મોકલવામાં આવી હતી. પબ્લિક એનાલિસ્ટના તારીખ ૦૪.૦૪.૧૯૯૮ ના રિપોર્ટ પરથી માલૂમ પડ્યું હતું કે ચેવડા (બાલાજી) નું સેમ્પલ ધ પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટરેશન એક્ટ, ૧૯૫૮ ની કલમ ૨(૯)(કે) હેઠળ મિસબ્રાન્ડેડ (ખોટા માર્કાવાળું) હતું. તેથી અપીલકર્તાએ વિદ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, કચ્છ સ્થિત ભુજની કોર્ટમાં ધ પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટરેશન એક્ટની કલમ ૨(૯)(કે) અને ધ પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટરેશન રૂલ્સના નિયમ ૩૨(સી) હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે ફરિયાદ નોંધાવી હતી. સદર ફરિયાદ ૧૯૯૯ ના ક્રિમિનલ કેસ નં. ૩૩૮ તરીકે નોંધવામાં આવી હતી. વિદ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ) ભુજે વાદગ્રસ્ત નિર્દોષ છોડી મૂકવાના ચુકાદા અને હુકમ દ્વારા સામાવાળા નં. ૧ થી ૫ મૂળ આક્ષેપિત વ્યક્તિઓને તેમની સામે મૂકવામાં આવેલા આરોપોમાંથી મુખ્યત્વે એવા કારણોસર નિર્દોષ છોડી મૂક્યા હતા કે સદર ફરિયાદપક્ષ માટે યોગ્ય સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલી સંમતિ બુદ્ધિનો ઉપયોગ ન કરવાના (ગંભીરતાથી વિચાર ન કરવાના) દોષથી પીડાય છે, કારણ કે એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે ખોરાકની વસ્તુના ઉત્પાદકનું નામ પોકેટ પર છાપવામાં આવ્યું ન હતું, જ્યારે એનાલિસ્ટના રિપોર્ટમાં જણાવાયું છે કે સેમ્પલ મિસબ્રાન્ડેડ હોવાનો અભિપ્રાય આપવા માટે ઉત્પાદકનું સરનામું દર્શાવવામાં આવ્યું નથી.

૩. અપીલકર્તા વાદગ્રસ્ત નિર્દોષ છોડી મૂકવાના ચુકાદા અને હુકમથી નારાજ અને અસંતુષ્ટ થઈને હાલની અપીલ દાખલ કરેલ છે.

૪. મેં અપીલકર્તા માટેના વિદ્ધાન એડવોકેટ મિ. નલિન ઠક્કર, સામાવાળા નં. ૧ થી ૫ માટેના વિદ્ધાન એડવોકેટ મિ. ડી.કે. મોડી અને સામાવાળા નં. ૬–રાજ્ય માટેના વિદ્ધાન એ.પી.પી. મિસ હંસા પુનાનીને સાંભળ્યા છે.

૫. અપીલકર્તા માટેના વિદ્ધાન એડવોકેટ મિ. ઠક્કરે ભારપૂર્વક રજૂઆત કરી છે કે વિદ્ધાન ટ્રાયલ મેજિસ્ટ્રેટ ઉત્પાદકના નામ અને સરનામા અંગે ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપ અને પબ્લિક એનાલિસ્ટના રિપોર્ટમાં તફાવત છે તેવા કારણોસર આરોપીઓને નિર્દોષ છોડી મૂકવામાં ભૂલ કરી છે. તેમની એવી રજૂઆત છે કે સરનામામાં નામનો સમાવેશ થાય છે, અને તેથી, વિદ્ધાન ટ્રાયલ જજે આ કારણોસર સામાવાળા નં. ૧ થી ૫ ને નિર્દોષ છોડી મૂકવા જોઈતા ન હતા. તેઓ વધુમાં રજૂઆત કરે છે કે મંજૂરી આપનાર સત્તાધિકારીએ આંક–૧૦૪ પરથી સ્પષ્ટ થાય છે તેમ સંબંધિત કાગળોની ચકાસણી કર્યા પછી ફરિયાદ દાખલ કરવાની સંમતિ આપી હતી, તેથી, વિદ્ધાન ટ્રાયલ જજે સંમતિ બુદ્ધિના ઉપયોગના અભાવથી પીડાય છે તેવા કારણોસર આરોપીઓને નિર્દોષ છોડી મૂકવા જોઈતા ન હતા. તેથી, તેઓ અરજ કરે છે કે સદર અપીલ મંજૂર કરવામાં આવે, અને આરોપીઓને યોગ્ય રીતે દોષિત ઠેરવવામાં આવે.

૬. આરોપીઓ માટેના વિદ્ધાન એડવોકેટ મિ. મોડીએ ૧૯૯૪ ની ક્રિમિનલ રિવિઝન એપ્લિકેશન નં. ૧૧૦ માં આ નામદાર કોર્ટના તારીખ ૧૮.૦૯.૨૦૦૦

ના અપ્રસિદ્ધ ચુકાદા પર આધાર રાખીને વાદગ્રસ્ત હુકમનું સમર્થન કર્યું છે. તેઓ રજૂઆત કરે છે કે યોગ્ય સત્તાધિકારીએ યોગ્ય બુદ્ધિપૂર્વકના વિચારણા પછી સંમતિ આપી હતી તેમ કહી શકાય નહીં. તેથી, તેઓ વિનંતી કરે છે કે વાદગ્રસ્ત નિર્દોષ છોડી મૂકવાના ચુકાદા અને હુકમમાં હાલની અપીલમાં કોઈ હસ્તક્ષેપ કરવાની જરૂર નથી.

૭. વિદ્વાન એ.પી.પી. મિસ પુનાની રજૂઆત કરે છે કે રેકોર્ડની ચકાસણી કરીને યોગ્ય હુકમ પસાર કરવામાં આવે.

૮. સદર કોડની કલમ ૩૭૮ (૧) (૩) હેઠળ નિર્દોષ છોડી મૂકવા સામેની અપીલનો વ્યાપ મર્યાદિત છે. સુપ્રીમ કોર્ટે સાધુ સરન સિંઘ વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય, (૨૦૧૬) ૪ એસ.સી.સી. ૩૫૭ ના કેસમાં ફકરા નં. ૨૦ માં નિર્દોષ છોડી મૂકવા સામેની અપીલના વ્યાપની સમજૂતી નીચે મુજબ આપી છે:

> *"૨૦. સામાન્ય રીતે, નિર્દોષ છોડી મૂકવા સામેની અપીલ હંમેશા દોષસિદ્ધિ સામેની અપીલ કરતાં સાવ અલગ સ્થાન પર રહી છે. નિર્દોષ છોડી મૂકવા સામેની અપીલમાં જ્યાં આરોપીની તરફેણમાં નિર્દોષતાનું પૂર્વધારણા વધુ મજબૂત બને છે, ત્યાં અપીલ અદાલત નિર્દોષ છોડી મૂકવાના હુકમમાં ત્યારે જ હસ્તક્ષેપ કરશે જ્યારે તથ્ય અને કાયદાની વિકૃતિ હોય. જો કે, અમારું માનવું છે કે અદાલત માટે સર્વોપરી વિચારણા વાસ્તવિક ન્યાય કરવાની અને ન્યાયનો અન્યાય ટાળવાની છે જે ગુના માટે દોષી હોય તેવા આરોપીને નિર્દોષ છોડી મૂકવાથી ઉદ્‌ભવી શકે છે. દોષિતને નિર્દોષ છોડી મૂકવાથી થઈ શકતો ન્યાયનો અન્યાય એ નિર્દોષને દોષિત ઠેરવવા કરતાં જરાય ઓછો નથી. આ અદાલતે સાંબશિવન વિરુદ્ધ કેરળ રાજ્ય, (૧૯૯૮) ૫ એસ.સી.સી. ૪૧૨ ના કેસમાં નિર્દોષ છોડી મૂકવા સામેની અપીલમાં અપીલ અદાલતની સત્તાઓના વ્યાપ અંગેના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરતી વખતે ઠરાવ્યું છે કે:*

*૭. નિર્દોષ છોડી મૂકવા સામેની અપીલમાં અપીલ અદાલતની સત્તાઓના વ્યાપ અંગેના સિદ્ધાંતો સુસ્થાપિત છે. નિર્દોષ છોડી મૂકવા સામેની અપીલમાં અપીલ અદાલતની સત્તાઓ દોષસિદ્ધિ સામેની અપીલ કરતાં ઓછી નથી. પરંતુ જ્યાં રેકોર્ડ પરના પુરાવાના આધારે બે મંતવ્યો વાજબી રીતે શક્ય હોય તો અપીલ અદાલત ટ્રાયલ કોર્ટના સ્થાન પર પોતાનું મંતવ્ય મૂકી શકતી નથી. જ્યારે રેકોર્ડ પરના પુરાવાની વિચારણા કરવામાં અને તેમાંથી તારણો કાઢવામાં ટ્રાયલ કોર્ટનો આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો અભિગમ સ્પષ્ટપણે ભૂલભરેલો જણાય ત્યારે જ અપીલ અદાલત નિર્દોષ છોડી મૂકવાના હુકમમાં હસ્તક્ષેપ કરી શકે છે."*

૯. રેકોર્ડની, ખાસ કરીને ફરિયાદ અને આંક-૧૦૪ પબ્લિક એનાલિસ્ટના રિપોર્ટની ચકાસણી કરતા સ્પષ્ટપણે જ જણાય છે કે ફરિયાદમાં એવું જણાવવામાં આવ્યું છે કે સેમ્પલના પોકેટ્સ પર ઉત્પાદકનું નામ ન હતું જ્યારે આંક-૪ પબ્લિક એનાલિસ્ટના રિપોર્ટમાં જણાવાયું છે કે લેબલ પર ઉત્પાદક અથવા પેકર્સનું સરનામું નથી. તેથી વિદ્વાન ટ્રાયલ જજે વાદગ્રસ્ત ચુકાદામાં વિસ્તૃત કારણો આપીને એવું તારણ નોંધ્યું છે કે સદર ફરિયાદપક્ષ માટે યોગ્ય સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલી સંમતિ બુદ્ધિના ઉપયોગના અભાવથી પીડાય છે. વિદ્વાન ટ્રાયલ જજ દ્વારા નોંધવામાં આવેલા કારણો, મારા મતે, વિકૃત કે ગેરકાયદેસર કહી શકાય નહીં જ્યારે આ વિસંગતતા સ્પષ્ટ છે અને સામાવાળા સામે ફરિયાદ દાખલ કરવાની સંમતિ આપતી વખતે યોગ્ય સત્તાધિકારીના ભાગે બુદ્ધિનો ઉપયોગ ન થયો હોવાનું સ્પષ્ટપણે દર્શાવે છે.

૧૦. આ નામદાર કોર્ટે શંકરલાલ માંગીલાલ જૈન વિરુદ્ધ ગુજરાત રાજ્યના કેસમાં ૧૯૯૪ ની ક્રિમિનલ રિવિઝન એપ્લિકેશન નં. ૧૧૦ માં તારીખ ૧૮.૦૯.૨૦૦૦

ના રોજ આપેલા ચુકાદામાં સંમતિ આપનાર સત્તાધિકારીના ભાગે બુદ્ધિનો ઉપયોગ કરવા અથવા ન કરવા અંગે નીચે મુજબ અવલોકન કર્યું છે:-

> *"નોંધાયેલી સંમતિ બુદ્ધિના સક્રિય ઉપયોગનો પુરાવો આપતી નથી. જો કે સદર અધિનિયમની કલમ ૨૦ હેઠળ સંમતિ આપતી વખતે કોઈ કારણો નોંધવાની જરૂર નથી, તેમ છતાં ફરિયાદપક્ષ અદાલતને સંતોષ આપવા માટે બંધાયેલ છે કે તમામ સંબંધિત કાગળોની ચકાસણી કર્યા પછી અને યોગ્ય રીતે બુદ્ધિનો ઉપયોગ કર્યા પછી સંમતિ આપવામાં આવી હતી. બુદ્ધિનો આવો ઉપયોગ આપવામાં આવેલી સંમતિમાં સ્પષ્ટ થઈ શકે છે અથવા તો મૌખિક પુરાવા દ્વારા સાબિત કરી શકાય છે. હાલના કેસમાં, ફૂડ ઈન્સ્પેક્ટરે જુબાની આપી છે કે તેમણે ફરિયાદ ડ્રાફ્ટ કરી હતી અને તમામ કાગળો સક્ષમ સત્તાધિકારી સમક્ષ રજૂ કર્યા હતા. સંમતિ આપનાર સત્તાધિકારીએ તમામ કાગળોની ચકાસણી કરી હતી અને ઉપર મુજબ સંમતિ નોંધી હતી. મને ખેદ છે, બુદ્ધિના યોગ્ય ઉપયોગ અંગે અદાલતને સંતોષ આપવા માટે આ પૂરતું નથી. ફૂડ ઈન્સ્પેક્ટરે સંમતિ આપનાર સત્તાધિકારી સમક્ષ કયા કાગળો મૂકવામાં આવ્યા હતા તે જાહેર કર્યું નથી, કે ફરિયાદપક્ષ દ્વારા સક્ષમ સત્તાધિકારીની તપાસ કરવામાં આવી નથી. તેથી, મારા મતે, ફરિયાદપક્ષ એ સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે કે સંમતિ આપનાર સત્તાધિકારીએ સદર અધિનિયમની કલમ ૨૦ (૧) હેઠળ તમામ સંબંધિત કાગળોની ઝીણવટભરી તપાસ કર્યા પછી અને યોગ્ય રીતે બુદ્ધિનો ઉપયોગ કર્યા પછી સંમતિ આપી હતી."*

૧૧. હાથ પરના કેસમાં, એક તરફ ફરિયાદમાં ઉત્પાદકના નામ અને સરનામા અંગે અને બીજી તરફ પબ્લિક એનાલિસ્ટના રિપોર્ટ અંગેની સ્પષ્ટ વિસંગતતા ઉપરાંત, ફરિયાદ પરથી કે અપીલકર્તાના મૌખિક પુરાવા પરથી એ પણ બહાર આવતું નથી કે સામાવાળા સામે ફરિયાદ દાખલ કરવા માટે સંમતિ આપવી કે કેમ તે અંગે બુદ્ધિનો ઉપયોગ કર્યા પછી સંતોષ નોંધવા માટે સંમતિ આપનાર સત્તાધિકારી સમક્ષ તેમની ચકાસણી અર્થે કયા કાગળો મૂકવામાં આવ્યા હતા. સંમતિ આપનાર સત્તાધિકારી તરફથી બુદ્ધિનો ઉપયોગ સક્રિય હોવો જોઈએ અને

યાંત્રિક નહીં. બુદ્ધિના સક્રિય ઉપયોગ માટે, અદાલત સમક્ષ એ દર્શાવવું પડશે કે બુદ્ધિના સક્રિય ઉપયોગ પર અસર ધરાવતા ચોક્કસ કાગળો સંમતિ આપનાર સત્તાધિકારી સમક્ષ મૂકવામાં આવ્યા હતા. માત્ર એટલું કહેવું કે સંબંધિત કાગળો સત્તાધિકારી સમક્ષ મૂકવામાં આવ્યા હતા તે એવા તારણ પર પહોંચવા માટે જરૂરી ધોરણોને પૂર્ણ કરશે નહીં કે સંમતિ આપનાર સત્તાધિકારીએ બુદ્ધિના સક્રિય ઉપયોગ પછી સંમતિ આપી હતી. જે ક્ષણે પ્રોસિક્યુટિંગ એજન્સી ખાતરીપૂર્વકના પુરાવા દ્વારા દર્શાવે છે કે સંમતિ આપવા માટે યોગ્ય સત્તાધિકારી સમક્ષ કયા પ્રકારના કાગળો મૂકવામાં આવ્યા હતા, તો તે કિસ્સામાં, યોગ્ય સત્તાધિકારી માટે સદર ફરિયાદપક્ષ માટે સંમતિ આપતી વખતે ધ્યાનમાં લેવાયેલા દસ્તાવેજોના પ્રકાર દર્શાવવા જરૂરી રહેશે નહીં.

૧૨. તેથી, મારો એવો અભિપ્રાય છે કે ફરિયાદપક્ષ એ વાજબી શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે કે સંમતિ આપનાર સત્તાધિકારીએ યોગ્ય સક્રિય બુદ્ધિના ઉપયોગ પછી ફરિયાદપક્ષ માટે સંમતિ આપી હતી, જેના પરિણામે કલમ–૨૦ ની ફરજિયાત જોગવાઈઓ, જે ચુકાદાઓની શ્રેણી દ્વારા ઠરાવ્યા મુજબ કુદરતી રીતે કડક/ફરજિયાત સ્વરૂપની છે, તેનું ઉલ્લંઘન થયું છે. તેથી, વાદગ્રસ્ત નિર્દોષ છોડી મૂકવાના ચુકાદા અને હુકમમાં આ અપીલમાં હસ્તક્ષેપ કરવાની જરૂર નથી.

૧૩. પૂર્વોક્ત કારણોસર, સદર અપીલ નિષ્ફળ જાય છે અને આથી રદ કરવામાં આવે છે.

૧૪. રેકોર્ડ અને પ્રોસીડિંગ્સ તુરંત જ ટ્રિબ્યુનલને પરત મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

**(એ.જી.ઉરૈઝી, ન્યાયમૂર્તી)**

મનોજ

Translation of this judgment is provided by M/s Hyperlink E-Solutions Pvt. Ltd.

==============================================================

**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.